સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

અમૂલ્ય હીરા હોય છતાં, દામ અંકાઈ જાય છે,
એનો વિરોધ કરનારા ખૂણે ફેંકાઈ જાય છે.
ભોંકાઈ જાય કટાર ઈર્ષાની લાયકાત છતાં -
સ્ટાર - પ્રચારક, છાયામાં સૂર્યો ઢંકાઈ જાય છે
(હું કરું, હું કરું એ જ અજ્ઞાન)

હાઈકુ

કચડાય છે
સ્થાનિક નેતૃત્વ -
જુઠ્ઠા વાયદે...

ડૂબતા નેતા
તરી જાય તૂંબડે
ભાષા પ્રભાવે...

ચિંતન

ઋણ મોચન કર્તારઃ પિતૃઃ સન્તિ સુતાદયઃ ।
બન્ધમોચનકર્તા તુ સ્વસ્માદન્યો ન કશ્ચન ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવાયેલ છે.

પિતાને ઋણમાંથી મુક્ત કરનાર પુત્ર વગેરે હોય છે. પરંતુ સંસારના બંધનમાંથી મુક્તિ અપાવનાર પોતાની જાત સિવાય અન્ય કોઈ નથી.

પિતૃ ઋણમાંથી પુત્ર તો હજી ય મુક્ત કરાવી શકે પણ આપણા પર રાષ્ટ્ર - સમાજ- સંસારના પણ ઋણ બંધન હોય છે. તેમાંથી મુક્તિ માટે આપણી જાત જ જવાબદાર બને છે માટે રાષ્ટ્ર અને સમાજ સેવા દ્વારા એ ઋણમાંથી મુક્ત થવું જોઈએ.

સુવિચાર

- કિસ્મત ને હથેળીમાં હંમેશા રાખો, ચહેરાની ઉપર એની ન રેખા રાખો, દેવાને દિલાસો કોઈ હિંમત ન કરે, દુઃખ દર્દમાં પણ એવી પ્રતિભા રાખો - **અંક્તિ ત્રિવેદી**
- સબ હૈ અપને કોઈ ના બેગાના હૈ યહાં,
  શઅુર (સમજ) યે આજયે, કાયનાત જન્નત હો જાયે - **અલ્તાફ પટેલ**
- અંદરતી જાગો ત્યારે જ સાચી સવાર થાય છે..., બાકી તો રોજ રાત પછી એક સવાર થાય છે - **પ્રેમ સુમેસરા**
- અસત્યનું સૌથી મોટું નુકશાન એ છે કે એ વ્યક્તિ પરના વિશ્વાસને તોડી નાખે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ગંદા વિચારો સુલભત્તમ છે, હલકાં વિચારો સુલભતમ છે,
  ખરાબ વિચારો સુલભ છે, શુભ વિચારો દુર્લભત્તર છે પણ શુભ આચરણ તો દુર્લભતમ છે - **રત્નસુંદરસૂરીશ્વરજી**
- આજકાલના સમયની મુશ્કેલી 'સંબંધ બાંધવાના ઘોડાવેગે,
  સંબંધ બગાડવાના હરણવેગે અને સંબંધ થોડવાના ચિત્તાવેગે' - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : લસણ અને મૂળા ને પીસી ને ૫ ગ્રામ રસ સવાર-સાંજ લેવાથી કૃમિમાં છુટકારો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતને શિષ્યએ કહ્યું, 'ગુરુદેવ આજે મારી ડાબી આંખ ફરકે છે. આ અશુભની નિશાની છે. આપ કોઈ ઉપાય સૂચવો તો કંઈક દુર્ઘટના કે અજુગતુ થવાનું હોય તો તે અટકી જાય.' શિષ્યની વાત સાંભળી ગુરુએ કહ્યું, 'મારી નજરમાં તો શુભ અશુભ જેવું કશું છે જ નહીં. જયારે જીવન તો સારી-નસરી ઘટનાઓ આપણા જીવનમાં બનતી જ રહેવાની છે. એને આપણે શુભ-અશુભનું નામ આપી દઈએ છીએ. વળી શુભ-અશુભ તો આપણા વિચારોનું પરિણામ છે. કોઈ પણ એવી વસ્તુ કે એવો માનવી નથી કે તેને ફક્ત શુભ જ, કે અશુભ જ કહી શકાય. જે આજે શુભ લાગે છે આવતીકાલે અશુભ પણ હોઈ શકે છે.' ગુરુએ દાખલો આપી સમજાવતા કહ્યું, 'કોઈ કુંભાર માટીમાંથી વાસણ બનાવે એટલે એ સુકવવા માટે તડકાની અપેક્ષા રાખે. જેથી તેનાં વાસણ જલ્દી સુકાઈ જાય. પાકા થઈ જાય. બીજી બાજુ ખેડૂત વરસાદ વરસે એવી ઝંખના રાખે કે જેથી સારો પાક થાય. આમ તડકો એક ને માટે શુભ છે અને વરસાદ બીજાને માટે શુભ છે. કુંભાર માટે વરસાદ અશુભ છે. અને ખેડૂત માટે તડકો અશુભ છે. એટલે આપણે શુભ-અશુભના વિચારને છોડીને ફક્ત સારાં નેક કામો ઉપર જ ધ્યાન ધરવાની જરૂર છે તો જ આપણું જીવન સુખમય બની શકે છે.' શિષ્યને સંતની વાત સમજાઈ ગઈ.

માનસજીવન અર્થ સભર બની રહે

તંત્રીસ્થાનેથી...

સંત શિરોમણિ મોરારી બાપુની રામકથા પોતાની રૂએ એક વિશ્વવિક્રમ છે. તુલસીદાસના રામચરિત માનસનું પારાયણ કરીને ખોબા જેવડા તલગાજરડા ગામના આ સાધુ ભારતીય આધ્યાત્મિક ચેતનાનો ઊર્ધ્વગામી સંદેશ દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડતા રહે છે. રામના જમાનામાં ખાદી ભલે નહોતી અને રાજકુમાર રામ અને ભગવતી સીતાએ રાજયારોહણ પ્રસંગે રેશમી વસ્ત્રો તથા સુવર્ણાલંકારો અને ધનુષબાણ ધારણ કર્યા હોવાનું ગ્રંથોમાં લખાયું હોય પરંતુ મોરારિ બાપુના રામ તો તલગાજરડાના મંદિરમાં ધનુષ બાણને બદલે કમળ ધારણ કરે છે; ખાદી પહેરે છે. બાપુ ખાદીના આગ્રહી છે - એમણે રામ દ્વારા રાક્ષસોના 'ધનુષમુક્ત' અને હનુમાનને ગદાના વિકલ્પે 'વીણાયુક્ત' કરીને એક અજબ ગજબની વૈચારિક ક્રાંતિ સરજી છે. નવજીવનના શતાબ્દી પર્વ, ગાંધી સાર્ધ શતાબ્દી અને કસ્તુરબાની સ્મૃતિને સંકોરીને બાપુએ 'માનવ-નવજીવન' રામકથાનું પારાયણ અમદાવાદના આંગણે શરૂ કર્યું છે. પુલવામામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલી આપી આરંભાયેલ કથાના મંગલાચરણમાં બાપુએ મહાત્મા ગાંધીને રાષ્ટ્રપિતા અને કસ્તુરબાને રાષ્ટ્રમાતા તરીકે સંબોધી એમના અવતારકાર્યની વંદના કરી હતી. આ વિશિષ્ટ દંપતીના દાંપત્ય વિશે તથા ગાંધીજીના એમના પુત્ર સાથેના વિવાદ વિશે ઘણું બધું ઊલટસૂલટ બોલાતું અને લખાતું રહ્યું છે. ગાંધીજીએ કસ્તુરબાને દક્ષિણ આફ્રિકાના નિવાસ દરમિયાન મહેમાનની સેવા કરવામાં સૂગ અનુભવતાં હોઈ ઉગ્ર થઈ દરવાજો બતાવી દીધો હોવાનો સ્વીકાર ખુદ પોતે જ 'આત્મકથા'માં કર્યો છે. વળી એમના પુત્ર હરિલાલે વિલાયત જઈ બેરિસ્ટરનું ભણતર ભણવાનો આગ્રહ રાખ્યો એનો બાપુએ વિરોધ કરતાં પિતાપુત્ર વચ્ચે લાંબો ગજગ્રાહ ચાલ્યો હતો અને એ હરિલાલના ધર્મપરિવર્તનમાં પરિણમ્યો હતો. પતિ અને પિતા-બેઉ પાઠમાં ગાંધીજી નિષ્ફળ સાબિત થયા હોવાના દાવા એમના વિશે લખાયેલ અનેક પુસ્તકોમાં કરાયેલ છે. પરંતુ વાસ્તવિકતા જુદી હતી, એનો અંદાજ 'નવજીવન'ના પ્રમુખ ધીરુભાઈ મહેતાના પ્રવચનથી મળ્યો. ગાંધી જેવી વિશ્વવંદ્ય વિભૂતિ માટે તો આખું રાષ્ટ્ર એમનું કુટુંબ હતું. વળી પોતાના વ્યક્તિત્વ વિકાસમાં સૌથી મોટો ફાળો કસ્તુરબાનો જ હોવાનું બાપુએ ટકોરાબંધ ભાષામાં સ્વીકારેલું છે. પુત્રની તો જાહેરમાં લાંબો પત્ર લખી માફી માગવા જેટલી ઉદાર ચેષ્ઠા એ વિશ્વવિભૂતિએ દાખવેલી છે. ત્યારે આવી વિભૂતિની સાર્ધ શતાબ્દીવેળાએ મોરારિ બાપુએ ગાંધી બાપુ જેને પોતાના માર્ગદર્શન ગ્રંથ તરીકે નિરંતર સાથે રાખતા એવા 'રામચરિત માનસ' મારફત વિશિષ્ટ અંજલી આપવા અને 'નવજીવન' મારફત ઉજાગર થતા ગાંધીજીના અક્ષરદેહને ઊજળો કરવાનો પવિત્ર ઉપક્રમ યોજી અમદાવાદ અને ગુજરાતની સુજ્ઞ અહિંસક પ્રજા પર ઉપકાર ચડાવ્યો છે. ગુજરાતે દેશ અને દુનિયાને આપેલા બીજા બાપુ તરીકેની અને તુલસીદાસના નવા અવતારની ઓળખ ધરાવતા સંત મોરારિ બાપુની રામકથા ગાંધીવિચારને અનુસરે છે. સત્ય, પ્રેમ અને કરુણા સાથે તે બાપુની અહિંસાનો જ પુરસ્કાર કરે છે. બંને બાપુઓને વંદન.

દેશની ન્યાયિક વ્યવસ્થા અંગ્રેજોના ગુલામનું પ્રતિક

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

આપણા દેશનું સંવિધાન ૧૯૫૦ માં અમલમાં મુકાયું. સંવિધાનમાં સૌથી તાકાતવર સ્તંભ ન્યાયપાલીકાને ગણવામાં આવેલ પરંતુ આ વ્યવસ્થા આપણે અંગ્રેજોથી લીધેલ છે. ''મેકાલે'' એ હિધું હતું કે જો આ રાષ્ટ્રને બરબાદ કરવો હોય તો એને એ ન્યાયીક અને પોલીસ વ્યવસ્થા આપી રહ્યા છીએ જે બરબાદ થવાના કગાર ઉપર દેશ જતો રહેશે. પરિણામ સ્વરૂપ અંગ્રેજોએ તે સમયે જે ન્યાયીક અને પોલીસ વ્યવસ્થા કરેલ અને જે કાયદા કાનુન હતા એ તમામને આપણે સ્વીકારી લીધેલા અને જે આજે પણ દેશમાં ચાલી રહ્યા છે, પ્રભાવી રહ્યા છે. જેના પરિણામે દેશની ન્યાય પ્રણાલી ખતમ થવાની અણી ઉપર છે જે મેકાલેના સ્વપ્રને પુરૂ કરવા જઈ રહી છે. કેટલાય કેસો આની તરફેણ કરે છે જેવા કે જયપુર જીલ્લાના ડુંગર ભુમી વિવાદ ૧૯૬૪ થી ન્યાયીક અદાલતોમાં ચલતો આવે છે જેનો મુળ ચુકાદો ૧૯૭૯ માં ન્યાયીક મંડળી કે આખી સરકારનો હકક ખતમ કરી ખાનગી વ્યક્તિની જમીન છે તેમ જણાવેલ અને સ્પષ્ટ જણાવેલ કે સરકાર વિવાદીત જમીનમાં કોઈપણ પ્રકારની દખલ અંદાજી કરે નહી. માનનીય ઉચ્ચ અદાલતના ખંડપીઠના આ આદેશ વિરૂધ્ધ એક એસએલપી દાખલ કરી જે ૧૯૮૦ માં રદ કરવામાં આવી જે નિર્ણયનું પાલન રાજય સરકારે ૧૯૮૦ માં કરવાનું હતું જે જમીનનો સરકારે સંપાદન કરી તેનું વળતર જમીન માલીકોને સરકારે ૧૯૮૦ માં ચુકવવાનું થતું હતું અને બાકી વધેલી જમીન જમીન માલીકોને પરત સોંપવાની હતી સરકારે સમય સમય પર આ જમીન ખાતેદારની ના માની પોતાની માની કેટલીય જમીનો નિયમન કરેલ પરંતુ જમીનની કિંમત વધી જતા સરકારના સહયોગી વિભાગોએ અદાલતના આદેશનો અનાદર કરી જમીન ઉપર જબરજસ્તી કબજો લીધો. ઉપરાત કેટલાય સબપ્લોટ ખાનગી સંસ્થાઓને સોંપવાનો હુકમ કરેલ આજદિન સુધી જમીનના કબજા અને વળતર માટે ખાતેદારો અદાલતના ચક્ક કાપી સરકાર અને અદાલત વચ્ચે અટવાતા રહ્યા છે. આશ્ચર્યએ વાતનું છે કે સરકારના ઉચ્ચ અદાલતના ખંડપીઠના હુકમનો સ્વીકાર સરકારી કચેરીઓ આજદિન સુધી કરવા સમંત નથી, તૈયાર નથી. એમાંય એ વાતનું આશ્ચર્ય છે કે ખંડપીઠના એક ન્યાયાધીશે જસ્ટીસ મનીષ ભંડારીએ તો ખંડપીઠના આ નિર્ણયને જ ખોટો સાબીત કરી ૨૦૧૭ માં અવૈદ્ય ઠરાવી દીધો. આશ્ચર્યજનક વાત એ છે કે ૧૯૬૪ થી ચાલી આવતા કેસનો ચુકાદો ૨૦૧૯ માં અમલ થતો નથી અને ન્યાયપાલીકા આ બાબતે મૌન છે શુ/ આ ન્યાયપાલીકા ધરાસાહી થવાનું પ્રમાણ નથી?

આજ રીતે ૧૯૮૪ માં જયપુરમાં મૌજી કોલોનીના નામે જમીન ૧૯૮૪ માં અનુમતી મળી જેમાં ૮૦ ટકા પ્લોટ ઉપર મકાનો બાંધેલા હતા. ૧૯૮૮ માં જયપુર વિકાસ પ્રાધિકરણે એક જાહેર વિજ્ઞપ્તી બહાર પાડી કહયું કે જયપુર વિકાસ પ્રાધિકરણ દ્વારા જે માસ્ટર પ્લાન તૈયાર કરેલ હતો જેમાં મૌજી કોલોની પાસે રેલ્વે લાઈનની પછી જે જે રોડની બન્ને તરફ જે જમીન છે તે જમીનમાં ૨૦૦ સેન્ટરવાળી જમીનમાં માસ્ટર પ્લાનમાં શૈક્ષણિક હેતુ માટે આરક્ષીત કરવામાં આવ્યો છે સમયાંતરે આ પટ્ટીને શૈક્ષણિકની સાથે સાથે વ્યવસાયીક માટે પણ મંજુરી આપવામાં આવી જેમાં વલ્ડ ટ્રેડ પાર્ક જેવા વ્યવસાયીક પ્રતિષ્ઠાનો ને મંજુરી આપવામાં આવી, કેટલાય વર્ષો પછી જયપુર વિકાસ પ્રાધિકરણે એક સર્કયુલર બહાર પાડી અને જણાવ્યું કે ૨૦૦ ફીટની પટ્ટી વિદ્યાશ્રમ ચોકથી શરૂ કરવામાં આવશે જેનું પરિણામ એ આવ્યું કે ૨૦૦ ફીટની પટ્ટી હવેથી રહેણાંક ઉપયોગમાં લઈ શકાશે નહિ. જયપુર પ્રાધિકરણે આ પટ્ટીમાં આવતા પ્લોટો પર બ્રાઉન્ડ્રી લાઈન બનાવવાની પરવાનગી આપતા જેમાં એક વ્યવસાયે વકિલે જયપુર વિકાસ પ્રાધિકરણ ટ્રીબ્યુનલમાં પીટીશન ફાઈલ કરી પોતાના પ્લોટને મંજુરી આપવા તથા બાંધકામ કરવા માટે મંજુરી આપવા જણાવ્યું જેને વર્ષ ૨૦૦૩ માં સ્વીકૃતિ આપવામાં આવતા જે વિરૂધ્ધ રાજય સરકારે ઉચ્ચ ન્યાયાલયમાં એક ખંડપીઠમાં અપીલ દાખલ કરી આ મામલો ઉચ્ચ ન્યાયાલયમાં ૧૨ વર્ષ સુધી ચાલ્યો અને ઉચ્ચ ન્યાયાલયઆ આદેશ અનુસાર જયપુર વિકાસ પ્રાધીકરણ પીટીશન દાખલ કરનારને આ પટ્ટો સોંપે પરંતુ ખંડપીઠે એકલપીઠના આ આદેશને રદ કરી દીધો પરિણામ સ્વરૂપ પીડીત વ્યક્તિએ સર્વોચ્ચ અદાલતમાં દરવાજા ખટખટાવ્યા આ મામલો સર્વોચ્ચ અદાલતમાં વર્ષો સુધી રામ મંદિર કેસની જેમ અનિણીત રહ્યો અને સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે જમીન જયપુર વિકાસ પ્રાધીકરણની થઈ ગઈ ? સુપ્રીમ કોર્ટે અરજદારને પરત હાઈકોર્ટ મોકલી ફરી સુનવણી કરવા જણાવ્યું જે નિર્ણય ત્રણ માસમાં કરવાનો ઉચ્ચ અદાલતનો હુકમ હતો જેમાં કાયદાકીય ટેકનિકલ કારણોસર યેનકેન પ્રકારે આજદિન સુધી થઈ શકી નથી કે નિર્ણય આવી શકયો નથી આ મામલો સમજતા એમ લાગી રહ્યું છે કે આપણી ન્યાયપાલીકા ધરાસાહી થઈ ગઈ છે ન્યાય વ્યવસ્થા પડી ભાંગી છે. એક ખંડપીઠનો હુકમ બીજી ખંડપીઠ કે અદાલત અનુસરવાનો ઈન્કાર કરે છે. અગરતો સરકાર અપીલ ઉપર અપીલ કરી સમય વ્યય કરે છે. મુળ જમીન માલીકોને સમય જતા જમીનના ભાવો ઉચકાતા નવી જમીન સંપાદન ધારો લાગુ પડતા લાખો રૂપિયા વળતર મળશે જે સરકારી તિજોરીમાંથી જશે મારા તમારા ટેક્ષમાંથી જશે ન્યાયનો વિલંબ એ ન્યાય ના મળવા બરાબર જ છે. ન્યાયાલયમાં ચાલતા ક્રિમીનલ કેસોમાં સજાની ટકાવારી સાત ટકા છે જેમાં ૧૫ વર્ષ ઉપરાંત કેસ ચાલે છે કયારેક આરોપી તો કયારેક ફરીયાદી ન્યાય મેળવતા પહેલા ઉકલી જાય છે. આઝાદીના ૭૨ વર્ષ પછી પણ અંગ્રેજ પધ્ધતિની ન્યાય વ્યવસ્થામાં ના કોઈ ફેરફાર થયો છે કરે ના કોઈ સુધારાની સંભાવનાઓ છે કારણ કે ૮૦ ટકા કેસમાં પરોક્ષ યા પ્રત્યેક્ષ સરકાર જ પક્ષકાર છે. સરકારી અધિકારીઓની ન્યાયપાલીકાને ગુમરાહ કરવાની પધ્ધતી આમા કસુરવાર છે. ન્યાયપાલીકા સરકાર તેમજ ઉચ્ચ સરકારી અધિકારી વિરૂધ્ધ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતી નથી. અદાલતના હુકમના અવગણના માટે મક્કમ પગલા ભરતા અચકાય છે જેનો ભોગ યાચીકા કરતા બને છે.

દુઃખી કેવા છીએ એ વાત જગજાહેર છે સાકી ! છતાં કહેવું પડે છે કે પ્રભુની મ્હેર છે સાકી...!

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

અમે ધારી નહોતી એવી અણધારી કરી લીધી;
અજાણી આંખડીએ ચોટ ગોઝારી કરી લીધી...
કસુંબલ આંખડીના આ કસબની વાત શી કરવી?
કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી...

- અમૃત 'ઘાયલ'

વસંતઋતુ એ આપણા ત્યાં પ્રેમનું પ્રતિક ગણવામાં આવે છે કારણ કે આ ઋતુ પ્રકૃતિમાં અવનવા રંગ ખીલવે છે. 'પ્રેમ' એ જીવનની સૌથી સુંદર ઘટના છે અને કેટલાય વર્ષોથી 'પ્રેમ' વિશે ઘણું ઘણું લખાયું, વંચાયું અને જીવાયુ પણ છે. પહેલી નજરનો પ્રેમ હોય કે સમજી-વિચારીને એકબીજાને પૂરેપૂરા જાણીને થયેલો પ્રેમ હોય કોણ જાણે કેમ આ પ્રેમ જીવનપર્યંત ચાલી શકે એટલી લાંબી તેની Validity નથી હોતી. પ્રેમ માત્ર સ્ત્રી-પુરુષ વચ્ચે નહિ પરંતુ વ્યક્તિથી પર પ્રકૃતિ પરત્વે, કોઈ શોખ પરત્વે તેમજ કોઈ કલા કે સ્થળ પરત્વે એમ વિવિધ સ્વરુપે પાંગર્યો છે. પણ સૌથી વધુ બદનામ અને સૌથી વધુ જટિલ પ્રેમ સ્ત્રી-પુરુષ વચ્ચેનો પ્રેમ રહ્યો છે અને તેથીયે વિશેષ અઘરો દાંપત્યજીવનમાં પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ છે, જો કે પહેલાના સમયમાં બહુપત્નીત્વની પ્રથા ધીરે ધીરે સાવ જ નાબૂદ થવા પામી છે તે એક નોંધપાત્ર બાબત ગણાય. શ્રી રામનારાયણ વિ. પાઠક નોંધે છે કે :

'દાંપત્યજીવનની ભાવનમાં આપણા જમાનામાં ફરક પડ્યો છે તેનું પહેલું લક્ષણ એ કે દાંપત્યભાવનામાંથી બહુપત્નીત્વ નીકળી ગયું. નહીંતર હજી અમુક ધર્મમાં બહુપત્ની કરવાની રૂઢિ કાયદેસર છે. આ વસ્તુ એવી નીરવ પગલે નીકળઈ ગઈ છે કે તે નીકળી ગઈ છે તેની કોઈને ખબર પણ પડી નથી. અત્યારના આપણા રસિક જીવનમાં બહુપત્નીત્વને સ્થાન નથી. આપણા સમાજે બહુ જ શાંતિથી કરેલી આ મોટામાં મોટી વિચારક્રાંતિ છે.'

આજના આ સમયમાં સોશિયલ મીડિયાને કારણે લોકોમાં વાતચીતની છૂટછાટનું પ્રમાણ વધ્યું છે. ફેસબુક કે વોટ્સએપ પર ખુલ્લેઆમ પરણેલા સ્ત્રી-પુરુષો એકબીજા સાથે ફ્લર્ટ (Flirt) કરતા જોવા મળે છે. આપણે એક એવા દંભી સમાજમાં જીવી રહ્યા છીએ જયાં મોટાભાગના લગ્નજીવન માત્ર બાળકના ભવિષ્ય ખાતર કે સમાજ અને માતાપિતા ડરથી જ ટકી રહ્યા હોય છે. એક પુરુષ માટે લગ્નેતર સંબંધ એ ખૂબ નજીવી બાબત ગણાય પણ એક એવી સ્ત્રી માટે આ જ બાબત એના જીવનને બદલી નાખે છે. જાણે-અજાણ્યે કોઈ લગ્નેત્તર સંબંધમાં ઘૂસી જનારા પુરુષો સમય આવ્યે માફી માંગીને પણ પત્ની પાસે જ પરત આવવાનું સ્વીકારે છે; અને પત્ની વિશાળ મનથી એ ભૂલને માફ કરીને પણ પોતાનું ઘર બચાવી લેવું એ જ પ્રાથમિકતા છે તેમ માને છે. પણ આજના આ મોર્ડન યુગમાં સ્ત્રી જયારે અન્ય કોઈ સંબંધમાં જતી રહે છે ત્યારે તે એક ભયંકર emotional trauma માં આવી જાય છે. સ્ત્રી માટે આ પ્રકારની પરિસ્થિતિમાં પહોંચવું, તેમાં રહેવું કે તેમાંથી બહાર આવવું ખૂબ જ અઘરું હોય છે. પોતાના લગ્નજીવનમાં અને ઘર-પરિવાર તેમજ બાળકોમાં ગળાડૂબ રહેતી સ્ત્રી અજાણતાં જ કોઈ અન્ય વ્યક્તિ પ્રત્યે આકર્ષણ અનુભવે ત્યારે શરુઆતમાં શરમ, સંકોચ અને ઊંડી અસમંજશનો અનુભવ કરતી હોય છે. સ્ત્રી કયારેય માત્ર ટાઈમ-પાસ માટે પોતાના ઘરને દાવ પર નથી લગાડી શકતી. પણ જયારે સવાલ તેના આત્મસમ્માનનો કે તેના અસ્તિત્વના સ્વીકારનો આવી પડે ત્યારે અચાનક તેનામાં એક ક્રાંતિકારી વિચાર પ્રગટી ઊઠે છે. અલબત્ત, સમાજવ્યવસ્થાના પાયા સ્ત્રી-પુરુષના સાયુજ્ય પર ટકેલા હોવાથી સ્ત્રી કે પુરુષ કોઈ પણ લગ્ન બહારના સંબંધમાં જોડાય ત્યારે આ પરિવાર અને કુટુંબવ્યવસ્થાના માળખા પર એક પ્રહાર સમા જ જણાય છે.

સ્ત્રી એ કુટુંબનો, પરિવારનો એક એવો હિસ્સો છે કે જે આખા પરિવારને, આખા સમાજને સાંકળી રાખે છે. સ્ત્રી જયારે પોતાના આત્માને ઘવાયેલો અનુભવે અને જયારે પોતાનું જીવન જેને અર્પણ કર્યું તેની નજરમાં પોતાનું મૂલ્ય 'શૂન્ય' થયેલું જોવે ત્યારે તે સાવ જ ભાંગી પડે છે. એક સ્ત્રી માટે તેનું પોતાનું સન્માન, સ્વમાન અને તેની પોતાની આગવી Space એ સૌથી વધુ અગત્યના હોય છે. તેની પાસેથી જો આ બધું છીનવી લેવામાં આવે તો તે જાતની શોધમાં ઘર-પરિવાર ભૂલીને નીકળી પડે છે. આવા સમયમાં તેને કોઈ પુરુષનો સાથ-સહકાર મળે તો તેને પ્રેમ સમજીને તે પોતાનું સમગ્ર અસ્તિત્વ તેના પર ન્યોચ્છાવર કરી દે છે. દુનિયા કે સમાજથી ડરનારી એક ગભરુ સ્ત્રી રાતોરાત એકદમ બિન્દાસ અને ઉદ્ધત ગણી શકાય તેટલી મુક્ત બની બેસે છે. સમાજ, અસ્વીકારની તેને કોઈ તમા કે પરવા રહેતી જ નથી. પણ આ પગલાથી તેનું અંગત જીવન ડામાડોળ થઈ જાય છે. લગ્નેત્તર સંબંધમાં ભૂલથી પ્રવેશી જનાર સ્ત્રી જયારે સાનભાન ગુમાવી બેસે ત્યારે બધુ ઠીક લાગતું હોય છે પણ જયારે આ જે કંઈ પણ બની ગયું તેની ગંભીરતાનો અહેસાસ થાય ત્યારે તેને પોતાની ભૂલ સમજાઈ જાય છે અને ત્યારે સ્ત્રી પોતાની જાતને જ વધુ સારી રીતે સમજી શકે છે અને જાણી શકે છે કે હકીકતમાં તે કોઈ સંબંધ, વ્યક્તિ કે પરિસ્થિતિથી દૂર જતી વખતે પોતાની જાતને પામવા નીકળી હોય છે. પોતાની અંદર રહેલી સ્ત્રીને શું પસંદ છે અને શું નાપસંદ એ સાવ જ ભૂલી ગયેલી સ્ત્રી જાતને પામવાની ખોજમાં ગેરમાર્ગે દોરવાઈ ગયેલી હોય તેમ લાગે છે.

સમય, સંજોગો, પરિસ્થિતિ અને Priorities બદલાય છતાં સૌપ્રથમ જો જાતને ગમતી વસ્તુઓ પ્રત્યે વધુ જાગ્રત બનીશું અને તેને સ્વીકારતા થઈશું તો ચોક્કસપણે અન્યો પાસે તેને શોધવા જવાની જરૂર નહિ રહે ! જાતને પ્રેમ કરવો, જાતને ગમે એવી પ્રવૃત્તિ કરવી એમાં કંઈ ખોટું નથી જ અને પતિ-પત્ની બંને એકબીજાને એટલી છૂટ આપતા શીખી જશે તો લગ્નેત્તર સંબંધનો ખતરો ચોક્કસ ટળી શકશે અને સમાજવ્યવસ્થા પણ વધુ સુંદર અને બહેતર બની શકશે.

Last Seen :

"દુઃખી કેવા છીએ એ વાત જગજાહેર છે સાકી !
છતાં કહેવું પડે છે કે પ્રભુની મ્હેર છે સાકી !...
કરી દે અન્ય સાથોસાથ જીર્ણોદ્ધાર એનો પણ,
હૃદય 'ઘાયલ' તણું વર્ષો થયાં ખંડેર છે સાકી!"

- અમૃત 'ઘાયલ'

nehalgadhavi101@gmail.com

સતત ભાંડણલીલા પછી ભાજપ-શિવસેનાની અપેક્ષિત સમજૂતી

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

અપેક્ષિત હતું એ જ થયું: મહારાષ્ટ્રમાં છેક ૧૯૮૪થી ભારતીય જનતા પક્ષ અને શિવસેનાની શરૂ થયેલી મૈત્રી આગામી લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે પણ અકબંધ રહી. શિવસેનાની સ્થાપના હિંદુહૃદયસમ્રાટ અને હિટલરને આદર્શ માનનારા તેમજ લોકશાહીને બદલે ઠોકશાહીમાં માનનારા બાળાસાહેબ ઠાકરે અને સમવિચારી મિત્રોએ કરી હતી. ૧૯૬૬માં સત્તારૂઢ કૉંગ્રેસના ઈશારે ગિરણગાંવ (મિલ વિસ્તાર)માં કોમ્યૂનિસ્ટોનો પીછો છોડાવવા માટે શિવસેનાનો જન્મ થયો.મહારાષ્ટ્રના મંત્રી બાળાસાહેબ દેસાઈએ સુયાણીની ભૂમિકા ભજવી હતી. કોમ્યૂનિસ્ટ કામદાર નેતા અને ધારાસભ્ય કૃષ્ણા દેસાઈની હત્યા થઈ અને શિવસેનાના વામનરાવ મહાડિક સેનાના પહેલા ધારાસભ્ય ચૂંટાયા.મારવાડી અને ગુજરાતી મિલમાલિકોને ડૉ. દત્તા સામંત જેવા હિંસાને પોષનારા કામદાર નેતાનો ઉદય થયો ત્યાં લગી શિવસેનાપ્રમુખ બાલાસાહેબે સાચવી લીધા.ડૉ.સામંતે મિલોમાં લાંબી હડતાળ પડાવી અને લાખો કામદારોને બેકાર કરવાનું નિમિત્ત બનવું પડ્યું અને એમની પણ આખરે હત્યા થઈ હતી.શિવસેના કૉંગ્રેસનું ફરજંદ હતું એટલે રજની પટેલથી લઈને મુરલી દેવરા સુધી વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે એનો એવો ઘરોબો રહ્યો કે શ્રીમતી બાળાસાહેબના ઘરે શિષ્ટાચાર મુલાકાત લેવાથી લઈને તેમની ઈમર્જન્સીને ટેકો આપવા સુધીનું સેનાએ વલણ જાળવ્યું.મુંબઈ મહાનગરપાલિકામાં પોતાનો મહાપૌર (મેયર) ચૂંટાવી લાવવા એકસમયના દાણચોર તરીકે બદનામ હાજી મસ્તાનની પાર્ટીના પાંચ નગરસેવકોનો ટેકો મેળવવામાં પણ ઠાકરેને છોછ નહોતો.

ભાજપ સાથે ૧૯૮૪માં ઘર માંડ્યું

''મરાઠી માણૂસ''ના હિતના નામે શિવસેનાની થયેલી શરૂઆત પછી હિંદુત્વનું રાજકારણ બરકતવાળું લાગ્યું ત્યારે ૧૯૮૪માં ઠાકરેએ ભાજપ સાથે જોડાણ કર્યું હતું. એકબાજુ, હાજીના નગરસેવકો અને બીજીબાજુ, ભાજપના નગરસેવકોના ટેકે મુંબઈ પર શાસન જાળવ્યું. ક્યારેક અંધારીઆલમના અરુણ ગવળી સાથે પણ એટલો જ મધુર સંબંધ રહ્યો. એવું નહોતું કે સેના અને ભાજપ એ બંને પક્ષોની યુતિ કાયમ પ્રેમાળ રહી. હજુ ગઈ વિધાનસભાની ચૂંટણી જ બંને પક્ષોએ અલગ રહીને લડી હતી. ભાજપને ૨૮૮ સભ્યોની વિધાનસભામાં બહુમતી મળી નહીં અને કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી કૉંગ્રેસની સરકારનો પરાજય થયો ત્યારે શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસના વ્યૂહાત્મક બાહ્ય ટેકે મહારાષ્ટ્રમાં ભાજપની દેવેન્દ્ર ફડણવીસ સરકાર રચાઈ હતી.કેન્દ્રમાં મે ૨૦૧૪માં ભાજપ અને મિત્રપક્ષોની નરેન્દ્ર મોદી સરકાર રચાયા પછી મોદી-પવારની ચાણક્યનીતિનું એ પરિણામ હતું.આખરે લટકી ના જવાય એટલે પાછળથી શિવસેના ભાજપની સરકારમાં જોડાઈ હતી.આમ છતાં ખરા અર્થમાં વિપક્ષની ભૂમિકા જો કોઈ પક્ષે મહારાષ્ટ્રમાં ભજવી હોય તો શિવસેનાએ. સત્તાલાભ અને ભાંડણલીલા વચ્ચેની લાભલીલા ફાવટ શિવસેનાને છેક બાળાસાહેબના યુગથી છે. હજુ હમણાં સુધી કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીનો ''ચોકીદાર ચોર હૈ'' ડાયલોગ શિવસેનાપ્રમુખ ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે માટે જાહેર સમારંભોમાં બોલવામાં જ નહીં,એમના

- **કૉંગ્રેસના ફરજંદ તરીકે શિવસેનાના મુંબઈમાં વધતા પ્રભાવમાં ઇન્દિરા ગાંધીની ઇમર્જન્સીને પણ બાળાસાહેબ ઠાકરેનો ટેકો રહ્યો**
- **હિંદુત્વનું રાજકારણ બરકતવાળું લાગ્યું ત્યારે ૧૯૮૪માં ઠાકરેએ ભાજપ સાથે જોડાણ કર્યું,પણ હાજી મસ્તાનના પક્ષના ટેકે મેયર**
- **મોદી-પવારની ચાણક્યનીતિથી રાષ્ટ્રવાદી કૉંગ્રેસના વ્યૂહાત્મક બાહ્યટેકે મહારાષ્ટ્રમાં ભાજપની ફડણવીસ સરકાર રચાઈ હતી**
- **ભાજપે સામેથી લોકસભા-વિધાનસભાની બેઠકોની વહેંચણી શિવ